COPY


# THE GANDHIDHAM
# CHAMBER OF COMMERCE & INDUSTRY

(ESTD. 1953)
"CHAMBER BHAVAN", Plot No. 71, Sector 8, Post Box No. 58,
**GANDHIDHAM** - Kachchh - 370 201.
**Phone** : +91-02836-220977, 220735 • **Mobile** : 99250 37814 • **Fax** : 220888
**e-mail** : info@gccikandla.com • **Website** : www.gccikandla.com


No. GCCI / 671 તા. ૨૭.૪.૨૦૧૭

ફેક્સ નં. ૦૭૯ - ૨૩૨૪૬૩૨૯
ઈમેઈલ : dgp-gs@gujarat.gov.in

શ્રીમતી ગીથા જોહરી,
પોલીસ મહાનિર્દેશક અને
મુખ્ય પોલીસ અધિક્ષકશ્રી,
પહલે માળ, પોલીસ ભવન,
સેકટર ૧૮, ગુજરાત રાજ્ય,
ગાંધીનગર ગુજરાત

વિષયઃ- મહિલા પો. સ્ટેશન આદિપુર, જી. કચ્છનો ચોવીસ કલાક કામકાજનો સમય નિર્ધારિત કરવા બાબતે

માનનીય બહેનશ્રી,

સવિનય જણાવવાનું કે, માહિતી અધિકાર નિયમ ૨૦૦૫ હેઠળ અમને જાણવા મળેલ છે તે અનુસાર આદિપુર - જી. કચ્છના મહિલા પોલીસ સ્ટેશનનો કામકાજનો સમય સવારના ૮.૦૦ વાગ્યાથી રાત્રે ૯.૦૦ વાગ્યા સુધીનો છે. (આ સંદર્ભે મળેલ માહિતીના પત્રની નકલ આ પત્ર સાથે આપની જાણ માટે બીડેલ છે.)

હાલમાં પ્રવર્તમાન પરિસ્થિતિઓ અને સંજોગોને ધ્યાનમાં રાખતાં ઉપરોકત જણાવેલ કામકાજનો સમય મહિલા પોલીસ સ્ટેશન, આદિપુર, જી. કચ્છ માટે અપૂરતો છે અને અમારી આપને વિનંતી છે કે, આ મહિલા સ્ટેશનનો કામકાજનો સમય ૨૪ કલાક ૩૬૫ દિવસ કરવાની તાતી જરૂરિયાત છે.

અમને આશા છે કે, આપશ્રી અમારી વિનંતીને ધ્યાનમાં લઈ આ બાબતે ત્વરિત નિર્ણય લઈ મહિલા પોલીસ સ્ટેશન, આદિપુર, જી. કચ્છને ચોવીસ કલાક કાર્યાન્વિત રહે એ માટેની વ્યવસ્થા તાત્કાલિક ધોરણે કરશોજી એજ અપેક્ષા.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

બીડાણ : જણાવ્યા મુજબ

(મુરલીધર બી. જગાણી)
માનદ મંત્રી

નકલ સવિનય રવાના :-

૧. પોલીસ મહાનિર્દેશકશ્રી, સરહદી રેન્જ, હરિપર રોડ, ભુજ-કચ્છ
email : digp-kut@gujarat.gov.in

૨. શ્રીમતી ભાવનાબેન પટેલ, પોલીસ અધિક્ષકશ્રી, પૂર્વ કચ્છ જિલ્લો, ડી.સી.-૫, ટાગોર રોડ, ગાંધીધામ-કચ્છ